# વાદીન્દ્ર મલ્લવાદી ક્ષમાક્ષમણનો સમય

જિતેન્દ્ર શાહ

ઉત્તર ભારતની નિર્ગ્રન્થ પરંપરામાં થઈ ગયેલી પ્રકાશમાન દાર્શનિક વિભૂતિઓમાં સિદ્ધસેન દિવાકર, મલ્લવાદી ક્ષમાક્ષમણ, અને જિનભદ્રગણિ ક્ષમાક્ષમણ મોખરે છે. મહાતાર્કિક સિદ્ધસેન દિવાકરે કાવ્યબદ્ધ દાર્શનિક કૃતિઓની રચના કરી છે. તેમનાથી નિર્ગ્રન્થ પરંપરામાં દાર્શનિક યુગનો પ્રારંભ થાય છે. શ્વેતામ્બર પરંપરામાં સિદ્ધસેન દિવાકર આદ્ય સ્તુતિકાર અને મહાવાદી તરીકે પ્રસિદ્ધ છે[૧]. તેમનો સમય ગુપ્તકાળમાં પાંચમી સદીના પૂર્વાર્ધમાં હોવાનું મનાય છે[૨]. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ (પ્રાય: ઈસ્વી ૫૫૦-૫૯૪) આગમિક પરંપરાના દાર્શનિક વિદ્વાન્ છે. તેમણે **વિશેષાવશ્યક-ભાષ્ય** આદિ ગ્રન્થોની રચના કરી છે. મલ્લવાદી અગ્રિમ હરોળના દાર્શનિક છે : તેમણે રચેલ **દ્વાદશાર-નયચક્ર**માં તત્કાલીન ભારતનાં સમસ્ત દર્શનોની ચર્ચા દ્વારા અનેકાન્તવાદની સ્થાપના કરી છે. મલ્લવાદીના સમય વિશે વિદ્વાનોમાં નોખા નોખા મત પ્રવર્તે છે. તેમને વિક્રમના પાંચમા શતકના પૂર્વાર્ધથી લઈ વિક્રમની દસમી સદીના અંત સુધી થયાનું અનુમાનવામાં આવે છે. પ્રસ્તુત સમયાવધિ અનિશ્ચિતતા-દર્શક હોવા ઉપરાંત કાળની દૃષ્ટિએ વધુ વ્યાપક હોવાને કારણે આ અંગે વિશેષ ઊહાપોહ થવો જરૂરી છે. આથી સાંપ્રત લેખમાં મલ્લવાદીના સમય અંગે વિસ્તારથી ચર્ચા કરવામાં આવી રહી છે.

તાર્કિક-ચૂડામણિ મલ્લવાદીએ **દ્વાદશાર-નયચક્ર**[૩], **સન્મતિપ્રકરણટીકા**[૪], અને **પદ્મચરિત**[૩] નામક ત્રણ ગ્રંથોની રચના કરી હતી તેવા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. દુર્ભાગ્યે આજે તેમનો રચેલો એક પણ ગ્રંથ ઉપલબ્ધ થતો નથી; પરંતુ ભિન્ન ભિન્ન કાળમાં થયેલ આચાર્યોએ પોતાના ગ્રંથોમાં તેમના સ્તુતિપૂર્વક ઉલ્લેખો કર્યા છે તેના આધારે એમ જરૂર કહી શકાય કે તેઓ શ્રેષ્ઠવાદી હતા. આચાર્ય હેમચંદ્ર **સિદ્ધહેમ-બૃહદ્વૃત્તિ**માં મલ્લવાદીને શ્રેષ્ઠ તાર્કિક તરીકે બિરદાવે છે[૫]. નયચક્રના ટીકાકાર સિંહશૂર મલ્લવાદીની સ્તુતિ કરતાં જણાવે છે કે **નયચક્ર** રૂપી ચક્ર દ્વારા જેમણે સમસ્ત સ્યાદ્વાદ વિરોધીઓને પરાસ્ત કર્યા છે એવા જિનવચન રૂપી આકાશમાં સૂર્ય સમાન આચાર્ય મલ્લવાદી વિજયવંત છે[૬]. તદુપરાંત પ્રાક્મધ્યકાળમાં અને મધ્યકાળમાં થઈ ગયેલા અનેક જૈનાચાર્યોએ પોતાના ગ્રંથમાં મલ્લવાદી ક્ષમાક્ષમણનો માનપૂર્વક ઉલ્લેખ કર્યો છે, વાદીન્દ્ર તરીકે સ્તુતિ કરી છે, તેમ જ તેમની દર્શનપ્રભાવક કૃતિ **નયચક્ર**નો ઉલ્લેખ પણ કર્યો છે. આચાર્ય હરિભદ્રે **અનેકાન્તજયપતાકા**માં તથા તેની સ્વોપજ્ઞ **વૃત્તિ**માં મલ્લવાદીના એક વાક્યને ટાંકતાં 'વાદીમુખ્ય' તરીકે બિરદાવ્યા છે[૭]. (ગા૦ પ્રા૦ ગ્રં૦ ખં૦ ૧, પૃ૦ ૫૮,૧૧૬). દસમી સદીમાં થયેલ રાજગચ્છીય અભયદેવસૂરિએ **સન્મતિપ્રકરણટીકા**માં મલ્લવાદીનો ઉલ્લેખ કર્યો છે[૮]. મધ્યકાલીન જિનેશ્વરસૂરિએ **પ્રમાલક્ષ્મ** (વિ૦ સં૦ ૧૦૮૦ / ઈ૦ સ૦ ૧૦૨૪) નામક ન્યાયગ્રન્થમાં મલ્લવાદી તથા તેમના **નયચક્ર**નો ઉલ્લેખ કર્યો છે[૯]. થારાપદ્રગચ્છીય વાદીવેતાલ શાંતિસૂરિ કૃત **ઉત્તરાધ્યયનસૂત્ર**ની **બૃહદ્વૃત્તિ**(પ્રાય: ઈ૦ સ૦ ૧૦૪૦ પહેલાં)માં **નયચક્ર**નો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે[૧૦]. પૂર્ણતલ્લગચ્છીય શાન્ત્યાચાર્યે **ન્યાયાવતારવાર્તિક**(પ્રાય: ઈસ્વી ૧૧૦૪)માં મલ્લવાદીનો નિર્દેશ કર્યો છે. ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહથી સન્માનિત થયેલ મલધારી હેમચંદ્રસૂરિએ **અનુયોગદ્વારસૂત્રવૃત્તિ**(ઈસ્વી ૧૧૧૯ પહેલાં)માં **દ્વાદશાર-નયચક્ર**નો ઉલ્લેખ કર્યો છે[૧૨]. ચંદ્રસેન સૂરિએ **ઉત્પાદાદિસિદ્ધિ** (ઈ૦ સ૦ ૧૧૫૧) નામક ગ્રંથમાં મલ્લવાદીના **નયચક્ર**ની પ્રથમ કારિકા ટાંકી વિશેષાર્થ માટે મૂળ ગ્રંથ જોવાની ભલામણ કરી છે[૧૩]. કુમારપાળ ભૂપાલના સમકાલીન અને પ્રસિદ્ધ વ્યાખ્યાકાર મલયગિરિ(ઈસ્વી ૧૨મી સદી બીજી-ત્રીજું ચરણ)એ **ધર્મસંગ્રહણીવૃત્તિ**માં આચાર્ય મલ્લવાદીનું સ્મરણ કર્યું છે[૧૪]. આમ અનેક આચાર્યોએ તેમની તથા તેમના પ્રસિદ્ધ ગ્રંથ **નયચક્ર**ની પ્રશંસા કરી છે. મલ્લવાદી વાદમાં અને દાર્શનિક ચર્ચામાં અજેય પ્રતિપાદક રહ્યા હશે. સંભવત: એ કારણથી તેમના પછી થયેલ મલ્લવાદી નામ ધરાવતા અન્ય મુનિઓના જીવનની ઉક્ત નયચક્રકાર મલ્લવાદીના જીવન ચરિત્ર સાથે ભેળસેળ થઈ ગયેલી જોવા મળે છે. નિર્ગ્રન્થ પરંપરામાં ઓછામાં ઓછા ચારેક મલ્લવાદી થયા છે. (આ અંગે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષ ચર્ચા અહીં આગળ કરીશું.) અને તે સૌના સમય વિશે જુદી જુદી માન્યતાઓ પ્રવર્તે છે. ઉપર જોઈ ગયા તેમ મલ્લવાદી અને તેમના **નયચક્ર** અંગે અનેક ગ્રંથોમાં ઉલ્લેખો પ્રાપ્ત થાય છે, પરંતુ મૂળ **નયચક્ર** અને મલ્લવાદીની અન્ય કૃતિઓ (**સન્મતિતર્કટીકા** તથા **પદ્મચરિત્ર**) ઉપલબ્ધ થતી ન હોવાને કારણે તેમનાં પ્રદાનો અંગે પૂર્ણરૂપે કહેવું દુષ્કર છે. **નયચક્રટીકા**ને આધારે પુનર્ગઠન કરવામાં આવેલ ગ્રંથમાં, તથા ટીકાકાર સિંહશૂર મલ્લવાદીના સમય સંબંધમાં તથા જીવન અંગે કોઈ ઉલ્લેખનીય નોંધ આપતા નથી કે જેના આધારે સમય નિર્ધારણ કે જીવન ઘટનાઓના સન્દર્ભો અંગે ચોક્કસપણે કહી શકાય. આવી પરિસ્થિતિમાં ગ્રંથબાહ્ય પ્રમાણોનો તથા ગ્રંથાન્તર્ગત આવતા ઉલ્લેખોની સહાય લેવી જરૂરી બને છે. સમય નિર્ધારણ અંગે ચર્ચા કરતાં પહેલાં તેમના જીવનની ઘટનાઓ પ્રસંગો અંગે ચર્ચા કરવી જરૂરી બને છે : કેમકે નામસામ્યને કારણે ઓછામાં ઓછું એક અન્ય મલ્લવાદીની જીવનઘટનાઓનું મિશ્રણ થઈ ગયું છે. મલ્લવાદીના જીવન અંગે પ્રબંધોમાં તથા કથાગ્રંથોમાં કથાનકો-ચરિતો મળે છે. ભદ્રેશ્વર સૂરિકૃત **કહાવલિ**માં[૧૫], આમ્રદેવ રચિત **આખ્યાનકમણિકોશવૃત્તિ**માં[૧૬], અજ્ઞાતકર્તૃક **પ્રબંધચતુષ્ટય**(ઈ૦ સ૦ ૧૨૩૪ પહેલાં)માં[૧૭], પ્રભાચંદ્રસૂરિ કૃત **પ્રભાવકચરિત**(વિ૦ સં૦ ૧૩૩૪ / ઈ૦ સ૦ ૧૨૭૮)માં[૧૮], આચાર્ય મેરુતુંગકર્તૃક **પ્રબંધચિંતામણિ**(વિ૦ સં૦ ૧૩૮૧ / ઈસ્વી ૧૩૦૫)માં[૧૯], રાજશેખર સૂરિ વિરચિત **પ્રબંધકોશ**(વિ૦ સં૦ ૧૪૦૫ / ઈ૦ સ૦ ૧૩૪૯)માં[૨૦], અને સંઘતિલકાચાર્ય કૃત **સમ્યક્ત્વસપ્તતિવૃત્તિ**(વિ૦ સં૦ ૧૪૨૨ / ઈ૦ સ૦ ૧૩૬૬)માં મલ્લવાદીના જીવનની કથા વર્ણવવામાં આવી છે. ઉપરોક્ત ગ્રંથોમાં વર્ણવેલ ચરિત્રના આધારે મલ્લવાદીનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર આ પ્રમાણે છે.

**પ્રથમ મલ્લવાદી**

મલ્લવાદીની માતાનું નામ દુર્લભદેવી હતું. એમનાં ત્રણ સંતાનો, નામે જિનયશ, યક્ષ, અને મલ્લ હતાં. તેઓ સૌ વલભીમાં વસેલાં હતાં. દુર્લભદેવીના ભાઈ જિનાનંદ જૈન ધર્મમાં દીક્ષિત થયા હતા અને આચાર્ય બન્યા હતા. એક વખત ભરૂચમાં બૌદ્ધ પંડિત બૌદ્ધાનંદ વા બુદ્ધાનંદ સાથે તેમનો વાદ થયો હતો. (જિનાનંદ અને બુદ્ધાનંદ નામો અલબત્ત કાલ્પનિક લાગે છે. જૈન ધર્મના આચાર્યને જિનાનંદ અને બૌદ્ધધર્મનાને બુદ્ધાનંદ એવું નામ આપવામાં આવ્યું હોય તેમ લાગે છે.) વાદમાં જે હારે તેણે ભરૂચ છોડી ચાલ્યા જવું તેવું નકકી થયું હતું. વાદમાં જિનાનંદસૂરિનો પરાજય થતાં તેમને ભરૂચ છોડવું પડ્યું અને તેઓ વલભી આવ્યા. ત્યાં તેમણે તેમની બહેન દુર્લભદેવી તથા તેમના ત્રણ પુત્રોએ જિનપ્રણીત પ્રવ્રજ્યા ધારણ કરી. ત્રણેય પુત્રોમાં મલ્લ વિશેષ મેધાવી અને કુશાગ્રબુદ્ધિ ધરાવતાં હતા. તેણે ટૂંક સમયમાં બધાં જ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો અને દર્શનોના પારંગત વિદ્વાન બની ગયા. એક વાર ગુરુની આજ્ઞા વગર કોઈ ગ્રંથનો એક શ્લોક વાંચ્યો અને તે એક શ્લોકના આધારે તેણે નૂતન **નયચક્ર**ની રચના કરી. પ્રસ્તુત નૂતન ગ્રંથનું અવલોકન કરતા તેમના ગુરુ આશ્ચર્યચકિત થયા અને તેમને આચાર્યપદ પર આરૂઢ કર્યા. આચાર્ય મલ્લને પૂર્વે ભરૂચમાં થયેલા વાદ અને ગુરુના પરાજયની જાણ થતાં તેઓ ભરૂચ ગયા અને ત્યાં બુદ્ધાનંદ સાથે વાદ કરી તેમને હરાવ્યા. આથી તેમને 'વાદી' બિરુદ પ્રાપ્ત થયું.

પ્રબન્ધો કથિત મલ્લવાદીના જીવન સાથે કેટલીક ચમત્કારિક ઘટનાઓ પણ જોડાયેલી છે જે અત્રે સ્વાભાવિક રીતે જ છોડી દીધી છે. પ્રસ્તુત ઘટનાઓના આધારે એવી કલ્પના કરી શકાય કે તેઓ તપ:નિષ્ઠ અને તત્કાલીન સર્વદર્શન પારગામી વિદ્વાન્ હતા, અજોડ સ્મરણશકિત ધરાવનાર વ્યકિતવિશેષ હતા. તત્કાલીન તર્ક-મહારથી બૌદ્ધોને પણ હરાવી શકે તેવા સમર્થ દાર્શનિક પંડિત હતા.

તેમની ત્રણ રચનાઓમાંથી **દ્વાદશાર-નયચક્ર** મૂળરૂપે તો **પ્રભાવકચરિત**માં મળતા ઉલ્લેખોને આધારે તેરમી સદીમાં ઉપલબ્ધ નહોતો તેમ જણાય છે[૨૨].

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નયચક્ર** ઉપર સિંહશૂરે એક ટીકા (પ્રાય: ઈ૰ સ૰ ૬૭૫-૬૯૦) લખી છે[૨૩]. ઉપલબ્ધ ટીકાને આધારે નયચક્ર ગ્રંથનું વર્તમાને પુનર્ગઠન કરવાનું કાર્ય પ્રથમ તો આચાર્ય વિજયલબ્ધિસૂરિએ કર્યું, જે ચાર ભાગમાં પ્રકાશિત થયેલો છે[૨૪]. ત્યાર બાદ નવપ્રાપ્ત હસ્તલિખિત પોથીને આધારે, તથા પૂર્વપક્ષ રૂપે ઉપયોગમાં લેવામાં આવેલ બૌદ્ધાદિ ગ્રંથોના આધારે મુનિરાજ જંબૂવિજયજીએ બીજી વારનું પુનર્ગઠન કરેલું છે. આ ગ્રંથ ત્રણ ભાગમાં પ્રકાશિત થયેલ છે, જેનો પાઠ પૂર્વપ્રકાશિત ગ્રંથ કરતાં વધુ વિશ્વસ્ત અને એથી વિશેષ પ્રમાણભૂત છે. (આમાં **નયચક્ર**નો પ્રાય: ૮૦ ટકા જેટલો મૂળ સ્વરૂપે પુનર્ગઠિત થયો છે.)

હરિભદ્ર સૂરિ વિરચિત **અનેકાન્તજયપતાકા**ની સ્વોપજ્ઞ ટીકામાં જણાવ્યું છે કે,

**उक्तं च मल्लवादिना सम्मतौ इत्यादिना ।।**[૨૫]

આ પ્રકારના સોદ્ધરણ ઉલ્લેખ બે જુદા જુદા સ્થળે કરેલા છે જેના આધારે નિશ્ચિતપણે કહી શકાય કે તેમણે સિદ્ધસેન દિવાકર રચિત **સન્મતિપ્રકરણ** ઉપર ટીકા રચી હશે. આ વિષે બીજો ઉલ્લેખ પણ પ્રાપ્ત થાય છે. બૃહદ્‌ટિપ્પનિકા(ઈ૰ સ૰૧૫૦૫)માં પ્રાચીન ગ્રંથોની યાદી આપવામાં આવી છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે,

**सन्मतिसूत्रं सिद्धसेनदिवाकर कृतम्** ગા૰ ૧૭૦
**सन्मतिवृत्तिर्मल्लवादिकृता** ૭૦૦[૨૭]

આમાં **સન્મતિપ્રકરણ** પર મલ્લવાદીકૃત વૃત્તિ(૭૦૦ શ્લોક પ્રમાણ)નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તથા રાજગચ્છીય અભયદેવસૂરિ રચિત **સન્મતિવૃત્તિ**માં કેવળજ્ઞાન અને કેવળદર્શન અંગે મલ્લવાદી યુગપત્‌વાદમાં માનતા હોવાનું જણાવ્યું છે[૨૮]. વર્તમાનકાળે પ્રાપ્ત **નયચક્ર**માં તો ક્યાંય **કેવળજ્ઞાન** અને **કેવળદર્શન**ની ચર્ચા જોવા મળતી નથી; આથી એવું અનુમાની શકાય કે અનુપલબ્ધ **સન્મતિ**ટીકામાં મલ્લવાદીએ ઉક્ત ચર્ચા કરી હશે.

એક ત્રીજો ગ્રંથ **પદ્મચરિત્ર** પણ મલ્લવાદી રચિત હોવાનું મનાય છે. આ ગ્રંથમાં રામનું ચરિત્ર હશે, ઉક્ત મલ્લવાદી તો દાર્શનિક અને મહાતાર્કિક છે એટલે તેમણે આવો કથાગ્રંથ રચ્યો હોય તે આમ તો સંભવતું નથી; કેમકે આ અંગે વિશ્વસનીય અન્ય કોઈ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. (આ પછીના અન્ય મલ્લવાદીની કૃતિ હશે ?)

## દ્વિતીય મલ્લવાદી

મધ્યયુગીન પ્રબંધકારોએ મલ્લવાદીના ચરિત્રમાં ક્યાંય નયચક્રકારથી ભિન્ન અન્ય મલ્લવાદી થયા હોવાનો ઉલ્લેખ કર્યો નથી. પરંતુ પ્રભાવકચરિત્રકાર પ્રભાચંદ્રાચાર્ય મલ્લવાદીના ગુરુભ્રાતા જિનયશનો સંબંધ અલ્લરાજાની સભાના વાદી નન્દક ગુરુ સાથે સાંકળે છે[૨૯]. તેમણે જણાવ્યું છે કે અલ્લરાજાની સભાના વાદી નંદક ગુરુના કહેવાથી મલ્લવાદીના જ્યેષ્ઠબંધુ જિનયશે એક પ્રમાણ ગ્રંથ બનાવ્યો, પરંતુ અહીં દર્શાવેલ અલ્લરાજા અને નન્દક ગુરુ કોણ હતા તે અંગે કશી નોંધ દર્શાવી નથી. આ પ્રસંગની સમાલોચના કરતા મુનિશ્રી કલ્યાણવિજયજીએ પ્રબંધ પર્યાલોચનમાં જણાવ્યું છે :

"પ્રભાવક ચરિતના અભયદેવ પ્રબંધ ઉપરથી જણાય છે કે શ્રી વર્ધમાનસૂરિના સમયમાં કૂર્ચપુર (કુચેરા-મારવાડ)માં અલ્લભૂપાલ પુત્ર ત્રિભવનપાલ રાજા રાજ્ય કરતો હતો. આ ઉલ્લેખ ઉપરથી જણાય છે કે વર્ધમાન સૂરિ કાલીન ભુવનપાલનો પિતા અલ્લરાજા વિક્રમની દસમી સદીના અંતમાં વિદ્યમાન હોવો જોઈએ. વળી એ જ પ્રભાવક ચરિત્રની પ્રશસ્તિ ન્યાયમહાર્ણવકાર અભયદેવસૂરિના ગુરુ પ્રદ્યુમ્નસૂરિએ અલ્લુરાજાની સભામાં દિગમ્બરાચાર્યને જીત્યાનો ઉલ્લેખ છે. આ અલ્લૂ અને અલ્લ એક જ વ્યક્તિનાં નામો છે. અને આ રીતે પ્રદ્યુમ્નસૂરિના સમકાલીન તરીકે પણ અલ્લભૂપનું અસ્તિત્વ વિક્રમની દસમી સદીમાં જ સિદ્ધ થાય છે. પણ મલ્લવાદીના ભાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનયશને આ અલ્લભૂપની સભાના વાદી શ્રી નન્દક ગ્રંથ રચવાની પ્રેરણા કેવી રીતે કરી શકે તે સમજાતું નથી''[30]. અહીં મલ્લવાદીના કથાનકમાં મલ્લવાદીનો અલ્લરાજાની સાથે સંબંધ જોડવા જતાં મલ્લવાદી દસમી સદીમાં થયાનું પુરવાર થાય અને આ સમય અનેક દૃષ્ટિએ અનુપયુક્ત જણાય છે જેની ચર્ચા હવે પછી કરવામાં આવશે. માટે એ કાળે કોઈ બીજા મલ્લવાદી થયા હોવાનું અનુમાન અનિવાર્ય બને છે. બીજા મલ્લવાદી થયા હોવાનું મુનિશ્રી કલ્યાણવિજયજી[31], ઉપરાન્ત મુનિશ્રી ત્રિપુટી મહારાજ[32], મોહનલાલ દલીચંદ દેશાઈ[33], પં૦ દલસુખ માલવણિયા આદિ વિદ્વાનો માને છે. જૈન ભંડારોમાં પ્રાપ્ત થતી અને અદ્યાવધિ અપ્રકાશિત લઘુધર્મોત્તરટિપ્પણક નામની હસ્તલિખિત પોથીને આધારે અનુમાનવામાં આવે છે કે ઉકત ગ્રંથના રચયિતા એ આ બીજા મલ્લવાદી હોવા જોઈએ, કારણ કે બૌદ્ધાચાર્ય ધર્મોત્તરે **ન્યાયબિન્દુ** ગ્રંથ રચ્યો છે અને તેના ઉપર લઘુ ધર્મોત્તરે(વિ૦ સં૦ ૯૦૪ / ઈ૦ સ૦ ૮૪૮)માં ટીકા કરી છે. આ ટીકા ઉપર વૃત્તિ રચનાર મલ્લવાદી દસમી સદીના અંતમાં થયા હશે. અને આ પ્રમાણે મલ્લવાદીના ભાઈ જિનયશ પણ અલ્લરાજાના સમસામાયિક સિદ્ધ થઈ શકે છે[34].

ત્રિપુટિ મહારાજ **જૈન પરંપરાનો ઇતિહાસ**માં નોંધે છે : ''આ૦ જિનયશ આ૦ યક્ષ અને આ મલ્લ એ દશમી સદીના આચાર્ય છે... બીજા મલ્લવાદીએ ધર્મોત્તર ટિપ્પનક બનાવ્યું છે. આ૦ જિનયશે પ્રમાણશાસ્ત્ર તથા વિશ્રાંતવિદ્યાધર વ્યાકરણ પર ન્યાસ બનાવ્યો છે અને આ૦ યક્ષે યક્ષસંહિતા રચી છે. આ૦ જિનયશે પોતાનું પ્રમાણશાસ્ત્ર આ૦ નન્નસૂરિની આજ્ઞા થવાથી મેવાડના રાણા અલ્લટની સભામાં વાંચી સંભળાવ્યું હતું''[35]. આમ ત્રિપુટી મહારાજ દ્વિતીય મલ્લવાદીને વિક્રમની દસમી સદી(ઉત્તરાર્ધ)માં મૂકે છે.

પ્રથમ મલ્લવાદીનો સંબંધ વલભી સાથે છે, જ્યારે અલ્લરાજા, નન્નસૂરિ, અને નન્દક ગુરુ, આદિનો રાજસ્થાન સાથે છે અને તે સૌ દસમી સદીમાં થયેલ છે : આથી ઉકત રાજા સાથે સંબંધ ધરાવનાર મલ્લવાદી દ્વિતીય મલ્લવાદી છે.

### તૃતીય મલ્લવાદી

દિલ્હીના લાલા હજારીમલ રામચંદજીના ચૈત્યમાં એક ધાતુપ્રતિમા પર મળી આવેલ પ્રતિમાલેખમાં મલ્લવાદી ગચ્છનો ઉલ્લેખ છે[37]. આ મલ્લવાદી નાગેન્દ્રગચ્છના આચાર્ય છે અને તેમનાથી મલ્લવાદી ગચ્છ ચાલ્યાનું અનુમાની શકાય. **પ્રભાવકચરિત**માં અભયદેવ પ્રબંધમાં મલ્લવાદી શિષ્યના શ્રાવકોએ ચૈત્ય કરાવ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે[38]. આ તૃતીય મલ્લવાદી છે. આ અંગે ત્રિપુટી મહારાજ નોંધે છે કે, તેઓ વિક્રમની તેરમી સદી લગભગમાં થયા છે. તેઓ નાગેન્દ્રગચ્છના હતા અને સ્તમ્ભન-પાર્શ્વનાથનું થાંભણાતીર્થ તેમને આધીન હશે. મંત્રી વસ્તુપાલે પણ તેમના ગ્રંથની પ્રશંસા કરી હતી.

### ચતુર્થ મલ્લવાદી

તેઓ દિગમ્બર વા અચેલ-ક્ષપણક પરમ્પરામાં લાટમાં ઈસ્વીસનની આઠમી-નવમી સદીમાં થઈ ગયા હોવાનું રાષ્ટ્રકૂટ સમયના તામ્રશાસન પરથી સૂચિત છે. પણ એમનાથી તો શ્વેતામ્બર પરમ્પરા બિલકુલ અજાણ હોઈ એમના સંબંધમાં ચર્ચા અસ્થાને છે.

નિર્ગ્રન્થ પરંપરામાં થઈ ગયેલ ઉકત મલ્લવાદીઓમાંથી નયચક્રકાર પ્રથમ મલ્લવાદી ક્ષમાશ્રમણનો સમય નિર્ધારિત કરવા માટે શ્વેતામ્બર તથા દિગમ્બર વિદ્વાનોએ સમયે સમયે ઊહાપોહ કર્યો છે. (સ્વ૦) નાથૂરામ પ્રેમીએ નયચક્રકારના સમય વિશે નોંધ્યું છે કે :-

''आचार्य हरिभद्र ने अपने अनेकान्त जयपताका नामक ग्रंथमें वादिमुख्य मल्लवादि कृत सन्मतिटीका के कई

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अवतरण दिए है और श्रद्धेय मुनिश्री जिनविजयजी ने अनेकानेक प्रमाणों से हरिभद्र का समय वि० सं० ७५७ से ८२७ तक सिद्ध किया है। अत: आचार्य मल्लवादी विक्रम की आठवीं शताब्दि के पहले के विद्वान् है यह निश्चय है.."[४०]

ઉક્ત કથનમાં પં૦ નાથૂરામ પ્રેમી નયચક્રકાર મલ્લવાદીની ઉત્તરાવધિ અંગે તો નિર્દેશ દે છે પરંતુ પૂર્વવિધિ અંગે કશી નોંધ કરતા નથી. આ અંગે વિશેષ સંશોધન કરી પં૦ દલસુખભાઈ માલવણિયાએ आचार्य मल्लवादी का नयचक्र[૪૧] નામના લેખમાં જણાવ્યું છે કે :-

"नयचक्र की उत्तरावधि तो निश्चित हो ही सकती है और पूर्वावधि भी। एक ओर दिग्नाग है जिनका उल्लेख नयचक्र में है और दूसरी ओर कुमारिल और धर्मकीर्ति के उल्लेखों का अभाव है जो नयचक्र मूल तो क्या, किन्तु उनकी संग्रहणि कृत वृत्ति से भी सिद्ध होता है।.... आचार्य सिद्धसेन का उल्लेख दोनों में है। यह भी नयचक्र के समय-निर्धारण में उपयोगी है।

आचार्य दिग्नाग का समय विद्वानोंने ई० ३४५-४२५ के आसपास माना है अर्थात् विक्रम सं० ४०२-४८२ है। आचार्य सिंहगणि जो नयचक्र के टीकाकार है अपोहवाद के समर्थक बौद्ध विद्वानों के लिए अद्यतन बौद्ध विशेषण का प्रयोग करते है। उससे सिद्ध होता है कि दिग्नाग जैसे विद्वान् सिर्फ मल्लवादी के ही नहीं, किन्तु सिंहगणि के भी समकालीन हैं।" આગળ તેઓ જણાવે છે :-

"विजयसिंहसूरि प्रबंध में एक गाथा में लिखा है कि वीर सं० ८८४ में मल्लवादीने बौद्धों को हराया। अर्थात् विक्रम सं० ४१४ में यह घटना घटी। इससे इतना तो अनुमान हो सकता है कि विक्रम ४१४ में मल्लवादी विद्यमान थे। .... अत एव दिग्नाग के समय विक्रम ४०२-४८२ के साथ जैन परंपरा द्वारा संमत मल्लवादी के समय का कोई विरोध नहीं है और इस दृष्टिसे मल्लवादी वृद्ध और दिग्नाग युवा इस कल्पनामें भी विरोध की संभावना नहीं।"[४२]

આમ પં૦ માલવણિયા નયચક્રકાર મલ્લવાદીનો સમય વિક્રમની પાંચમી શતાબ્દીમાં મૂકે છે. વિક્રમની ૧૧મી સદીના આચાર્ય અભયદેવની સન્મતિટીકામાં યુગપત્, અયુગપત્, અને અભેદવાદના પુરસ્કર્તાઓનાં નામોનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે[૪૩]. ક્રમવાદના પુરસ્કર્તા જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ છે. યુગપત્‌વાદના પુરસ્કર્તા આ૦ મલ્લવાદી છે, તથા અભેદવાદના પુરસ્કર્તાના રૂપે આ૦ સિદ્ધસેન દિવાકરના નામનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ પં૦ સુખલાલજીનું કહેવું છે કે અમે તે સંપૂર્ણ સટીક નયચક્રનું અવલોકન કરીને જોયું તો તેમાં કયાંય પણ કેવલજ્ઞાન અને કેવલદર્શન સંબંધી પ્રચલિતવાદો પર થોડી પણ ચર્ચા મળી નથી[૪૪]. એ વાત તો સાચી છે કે **નયચક્ર**માં કેવળજ્ઞાન અને કેવળદર્શનના ક્રમવાદ, યુગપત્‌વાદ, તથા અભેદવાદ પર કોઈ ચર્ચા નથી, તેથી તેના આધારે મલ્લવાદીનો સમય નિર્ધારિત કરવો કઠણ છે : પરંતુ મલ્લવાદીએ કેવલીના ઉપયોગ સંબંધી આ વાદોની કોઈક ચર્ચા કરી હતી જે અભયદેવની સામે રહી હશે. તે કોઈ અન્ય ગ્રન્થમાં હશે અથવા નષ્ટ થયેલા **નયચક્ર**ના ભાગમાં ઉપલબ્ધ હશે. (મોટે ભાગે તો મલ્લવાદીની લુપ્ત થયેલ સન્મતિની ટીકામાં આ ચર્ચા હોવી જોઈએ.) આ કારણે પં૦ સુખલાલજીએ કલ્પના કરી છે કે મલ્લવાદીનો કોઈ અન્ય યુગપત્‌વાદ સમર્થક નાનો-મોટો ગ્રંથ અભયદેવની સામે હશે[૪૫]. દિગમ્બર વિદ્વાન્ પંડિત જુગલકિશોર મુખ્તારજી ઉપરોક્ત બંને વિદ્વાનોના મતની ચર્ચા કરતાં જણાવે છે કે મલ્લવાદીનું જિનભદ્રથી પહેલાં હોવું પ્રથમ તો સિદ્ધ નથી, જો સિદ્ધ હોત તો તેમને જિનભદ્રના સમકાલીન વૃદ્ધ માનીને અથવા ૨૫ કે ૫૦ વર્ષ પહેલાં માનીને પણ તેમના પ્રાચીનત્વને સિદ્ધ કરી શકાય. સાથે સાથે તેઓ અભયદેવનું મલ્લવાદીને યુગપત્‌વાદના પુરસ્કર્તા જણાવવું ખોટું સમજે છે[૪૬]. તદુપરાન્ત **નયચક્ર**માં ભર્તૃહરિનો નામોલ્લેખ અને ઈત્સિંગના યાત્રા-વિવરણમાં ભર્તૃહરિ ઉલ્લેખના આધારે **નયચક્ર**નો સમય ઈ૦ સન્ ૬૦૦ થી ૬૫૦ (વિક્રમ સંવત ૬૫૭ થી ૭૦૭) પછી જ માને છે. આગળ તેઓ કહે છે કે જ્યારે ઈત્સિંગે ઈ૦ સન્ ૬૯૧માં પોતાની યાત્રાનો વૃત્તાંત લખ્યો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે ભર્તૃહરિનું દેહાવસાન થયે ૪૦ વર્ષ વીતી ચૂકયા હતાં. અને તે સમયની દૃષ્ટિએ તે (મલ્લવાદી) વિક્રમની લગભગ આઠમી–નવમી શતાબ્દીના વિદ્વાન્ હોઈ શકે છે, અને તેમનું એકત્વ ન્યાયબિંદુની ધર્મોત્તર ટીકા પર ટિપ્પણ લખવાવાળા મલ્લવાદીની સાથે થઈ શકે[૪૭]. પં૰ મુખ્તાર પોતાના મતની પુષ્ટિ માટે વિશેષમાં કહે છે કે વિક્રમની ૧૪મી સદીના વિદ્વાન્ પ્રભાચન્દ્રે પોતાના **પ્રભાવકચરિત**ના વિજયસિંહસૂરિ પ્રબંધમાં બૌદ્ધો અને તેમના વ્યંતરોને વાદમાં જીતવાનો જે સમય મલ્લવાદીના વીરવત્સરથી ૮૮૪ વર્ષ પછીનો અર્થાત્ વિ૰ સં૰ ૪૧૪ આપ્યો છે. તેમાં ચોકકસ કોઈ ભૂલ થઈ છે. ડૉ૰ પી૰ એલ૰ વૈદ્યે **ન્યાયાવતાર**ની પ્રસ્તાવનામાં આ ભૂલનું કારણ શ્રી વીર વિક્રમાત્‌ની જગ્યાએ શ્રી વીરસંવત્સરાત્ પાઠાંતરનું થવું જણાવ્યું છે[૪૮]. આ પ્રસ્તાવ અનુસાર પંડિત મુખ્તાર મલ્લવાદીનો સમય વિ૰ સં૰ ૮૮૪ સુધી લઈ જાય છે.

ઉપરોક્ત ચર્ચામાં પં૰ મુખ્તારે જે નિષ્કર્ષ કાઢ્યો છે તેનો સ્વીકાર કરવાથી અનેક વિસંવાદો ઊભા થાય છે. મલ્લવાદીને નવમી સદીના વિદ્વાન્ માનવાથી ટીકાકાર સિંહસૂરિ તથા હરિભદ્રસૂરિ આદિનો સમય નિર્ધારિત કરવામાં અનેકાનેક પ્રશ્ન ઉપસ્થિત થઈ શકે છે. પી૰ એલ૰ વૈદ્યે જે સૂચન કર્યું છે તે પણ સ્વીકારી શકાય તેમ નથી કારણ કે કોઈપણ પ્રતમાં (હસ્તલિખિત) શ્રી વીરસંવત્સરાત્‌ના સ્થાને શ્રી વીરવિક્રમાત્ એવો પાઠ ઉપલબ્ધ નથી થતો અને જો મળી પણ જાય તો પણ અન્ય ઉપલબ્ધ પાઠ અને ગ્રંથમાં ચર્ચાયેલા વાદોના આધારે આપણે એમ કહી શકીએ કે શ્રી વીર વિક્રમાત્ વાળો પાઠ સ્વીકાર કરવા યોગ્ય નથી. આ રીતે મલ્લવાદીને નવમી સદી સુધી લઈ જવા કોઈ રીતે યોગ્ય નથી.

**નયચક્ર**ના વિદ્વાન્ સંપાદક મુનિ જંબૂવિજયનો મત છે કે મલ્લવાદીના સમયની બાબતમાં જે ઉલ્લેખ પ્રભાવક ચરિત્રમાં વિજયસિંહસૂરિ પ્રબંધમાં પ્રાપ્ત થાય છે કે મલ્લવાદીએ વીર સંવત્ ૮૮૪(અર્થાત્ વિ૰ સં૰ ૪૨૪)માં બૌદ્ધોને પરાજિત કર્યા છે[૪૯] તે યોગ્ય છે. તદુપરાંત મુનિજીએ એક મહત્ત્વપૂર્ણ વાત કહી છે તે એ છે કે નયચક્રમાં જ્યાં જ્યાં આગમ પાઠો ઉદ્ધૃત કર્યા છે, તેમાં આજના પ્રચલિત પાઠોથી કેટલીક ભિન્નતા મળે છે; એટલું જ નહીં પરંતુ કેટલાક પાઠ તો પ્રચલિત આગમ પરંપરામાં છે જ નહીં[૫૦]. તેમના કથન અનુસાર વર્તમાન પ્રચલિત પાઠ પરંપરા ભગવાન દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે વલભીમાં સંકલિત કરી હતી. દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે વીર નિર્વાણ ૯૮૦(વિ૰ સં૰ ૫૧૦)માં વલભીમાં સંકલના કરી હતી. જ્યારે મલ્લવાદી વીર નિર્વાણ સં૰ ૮૮૪(વિ૰ સં૰ ૪૧૪)માં હતા. આથી પાઠભેદનું કારણ પણ સહજ છે. આ રીતે તેઓ મલ્લવાદીનો સમય વિ૰ સં૰ ૪૧૪ સુધી સ્થિર કરે છે[૫૧].

પં૰ માલવણિયા પણ ઉપરોક્ત સમયને સ્વીકારતા કહે છે કે નયચક્રમાં એક બાજુ દિગ્નાગના **પ્રમાણસમુચ્ચય**નો ઉલ્લેખ છે અને બીજી બાજુ કુમારિલ, ધર્મકીર્તિ, આદિના ઉલ્લેખોનો અભાવ છે, જે મૂળ નયચક્રથી તો શું ટીકાથી પણ સિદ્ધ થાય છે. આચાર્ય સિદ્ધસેનનો ઉલ્લેખ મૂળ અને ટીકા બંનેમાં છે. આચાર્ય દિગ્નાગનો સમય ઈ૰ સન્ ૩૪૫–૪૨૫ (વિ૰ સં૰ ૪૦૨–૪૮૨) સુધી મનાય છે. આચાર્ય સિંહગણિએ નયચક્રટીકામાં અપોહવાદ સમર્થક બૌદ્ધ વિદ્વાનો માટે 'અદ્યતન બૌદ્ધ' વિશેષણનો પ્રયોગ કર્યો છે. એનાથી એમ સૂચિત થાય છે કે દિગ્નાગ જેવા બૌદ્ધ વિદ્વાન માત્ર મલ્લવાદીના જ નહીં, પરંતુ સિંહગણિના પણ સમકાલીન છે. **પ્રભાવકચરિત**ના એ શ્લોકના આધારે એ સિદ્ધ થાય છે કે મલ્લવાદી વિ૰ સં૰ ૪૧૪માં હૈયાત હતા. આથી દિગ્નાગના સમય વિક્રમ સંવત્ ૪૦૨–૪૮૨ની સાથે જૈન પરંપરા દ્વારા સંમત મલ્લવાદીના સમયનો કોઈ વિરોધ નથી, અને આ દૃષ્ટિએ મલ્લવાદી વૃદ્ધ અને દિગ્નાગ યુવાન એ કલ્પનામાં પણ વિરોધની સંભાવના નથી. આચાર્ય સિદ્ધસેનની ઉત્તરાવધિ વિક્રમની પાંચમી શતાબ્દી માનવામાં આવે છે. વિશેષમાં મલ્લવાદીએ આચાર્ય સિદ્ધસેનનો ઉલ્લેખ કર્યો છે. આથી બંને આચાર્યોને પણ સમકાલીન માનવામાં આવે તો પણ વિસંગતિ નથી[૫૨]. આ પ્રકારે પં૰ માણવણિયા, શ્રી મલ્લવાદીનો સમય વિ૰ સંવત્ ૪૧૪ જ નિશ્ચિત કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિશ્રી જંબૂવિજયજી ભર્તૃહરિ અને દિગ્નાગના પૂર્વાપર્ય અંગે સૂક્ષ્મ અધ્યયન કરી જણાવ્યું છે કે, **પ્રમાણ-સમુચ્ચય**ના પાંચમા પરિચ્છેદમાં દિગ્નાગે ભર્તૃહરિના **વાક્યપદીય** ગ્રંથની બે કારિકાઓનો ઉલ્લેખ કર્યો છે. **ત્રૈકાલ્ય પરીક્ષા** નામના ગ્રંથની રચના પણ દિગ્નાગે ભર્તૃહરિના **વાક્યપદીય**ના પ્રકીર્ણ કાંડને સામે રાખીને કરી છે[૫૩]. આ રીતે ભર્તૃહરિ દિગ્નાગના પૂર્વવર્તી છે, તથા ઈત્સિંગનું કથન, કે જેના આધારે પં૰ મુખ્તારે સમય નિશ્ચિત કરવાનો પ્રયાસ કર્યો છે, તે પણ યોગ્ય નથી; કારણ કે ઈત્સિંગે કહ્યું છે કે ભર્તૃહરિ નામના એક શૂન્યતાવાદી મહાન્ બૌદ્ધ પંડિત હતા એ વાત માનવા યોગ્ય નથી. કારણ કે **વાક્યપદીય** ગ્રંથમાં વૈદિક અને અદ્વૈતવાદની જ પ્રસ્થાપના કરવામાં આવી છે, અને ભર્તૃહરિના ધર્મપરિવર્તનના વિષયમાં કોઈ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. આથી ઈત્સિંગના કથન અનુસાર ભર્તૃહરિનો સમય નિર્ધારણ યોગ્ય બંધબેસતું નથી. ઈત્સિંગ દ્વારા ઉલ્લિખિત ભર્તૃહરિ કોઈ અન્ય ભર્તૃહરિ હોવાની શકયતા છે[૫૪]. આ રીતે ઉપરોક્ત ચર્ચાના આધારે નયચક્રકાર મલ્લવાદીનો સમય વીર નિર્વાણ સંવત્ ૮૮૪ અર્થાત્ વિ૰ સં૰ ૪૧૪ જ રહ્યો હશે એમ જમ્બૂવિજયજી ઠરાવે છે.

ઉપરોક્ત ચર્ચાને આધારે મલ્લવાદીના સમયની ઉત્તરસીમા વિક્રમની નવમી સદીના અંતિમ ચરણ (વિ૰ સં૰ ૮૮૪) અને પૂર્વ સીમા વિક્રમની પાંચમી સદીના પ્રથમ ચરણ(વિ૰ સં૰ ૪૧૪)ની માનવામાં આવે છે. પરન્તુ સમયગાળા અંગે પ્રાપ્ત થતી કેટલીક અન્ય પણ મહત્ત્વપૂર્ણ માહિતીઓને આધારે પુન: ચર્ચા આવશ્યક છે, અને તેના આધારે સમય-નિર્ધારણ કરવું જરૂરી બની રહે છે. વસ્તુતયા ઉપર જણાવેલ બન્ને સમયસીમા વિશ્વસનીય નથી. આ અંગે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવા યોગ્ય છે :

(૧) આ૰ હરિભદ્રસૂરિ **અનેકાન્તજયપતાકા**માં તથા તેની **સ્વોપજ્ઞવૃત્તિ**માં વાદીમુખ્ય મલ્લવાદીનો બે સ્થળે ઉલ્લેખ કરે છે. આ૰ હરિભદ્રનો સમય આઠમી સદીનો ઉત્તરાર્ધ (પ્રાય: ઈ૰ સ૰ ૭૭૫ વા ૭૮૫) નિર્ધારિત થયેલો છે[૫૫], માટે ઉત્તરસીમા આઠમી સદી માનવામાં આવે તો કોઈ વાંધો આવે તેમ નથી.

(૨) વાદીન્દ્ર મલ્લવાદી રચિત **દ્વાદશાર-નયચક્ર** ઉપર આ૰ સિંહશૂરે ટીકા રચી છે, અને સિંહશૂરની ટીકા સમય અંગે ઇતિહાસવિદ્ પ્રા૰ ઢાંકીએ અન્યત્ર ચર્ચા કરી છે અને તેમનો સમય ઈસ્વીસન્‌ની સાતમી સદીના અંતિમ ચરણ (પ્રાય: ઈ૰ સ૰ ૬૭૫-૬૯૦) નિર્ધાર્યો છે[૫૬]. આથી નિશ્ચિતરૂપે પુરવાર થઈ જાય છે કે મલ્લવાદી ઈ૰ સ૰ ૬૭૫ પહેલાં થયેલા છે.

(૩) વાદીચૂડામણિ મલ્લવાદીનો સંબંધ ઇતિહાસ પ્રસિદ્ધ વલભી નગરી સાથે છે. અને તેઓ વલભીમાં રહેતા હતા. વલભીનો ભંગ(ઈ૰ સ૰ ૭૮૮)ના અરસામાં થયેલો. આ હકીકતોને આધારે સ્પષ્ટરૂપે કહી શકાય કે પં૰ મુખ્તારનો મત સર્વથા અસત્ય ઠરે છે. (એમ લાગે છે કે તેમણે સાંપ્રદાયિક અભિનિવેશને કારણે મલ્લવાદીને અર્વાચીન ઠરાવવાનો પ્રયાસ કર્યો છે.) પંડિતવર્યે ઉપરોક્ત બાબતો અંગે વિશેષ વિચાર કર્યો હોત તો એમણે પોતાનો મત બદલ્યો હોત. આમ ઉત્તરાવધિ ઈ૰ સ૰ ૬૭૫ પૂર્વેની નિર્ધારિત કરી શકાય.

**પૂર્વસીમા :-**

(૧) મલ્લવાદી ક્ષમાશ્રમણે **દ્વાદશાર-નયચક્ર**માં શ્રી ઉમાસ્વાતિના **તત્ત્વાર્થાધિગમસૂત્ર**નો તથા તેમના **સ્વોપજ્ઞ ભાષ્ય**નો ઉપયોગ કર્યો છે[૫૭]. એટલે તેઓ ઉમાસ્વાતિ (પ્રાય: ઈ૰ સ૰ ૩૫૦) પછી થઈ ગયા છે :

(૨) મલ્લવાદી સિદ્ધસેન દિવાકરના સમકાલીન ન હોઈ શકે, કેમકે **દ્વાદશાર-નયચક્ર**ની શૈલી સિદ્ધસેનની શૈલી કરતાં વધુ પરિષ્કૃત અને વિકસિત છે. **દ્વાદશાર-નયચક્ર**માં આદ્યસ્તુતિકાર સિદ્ધસેન દિવાકરની કારિકા ઉદ્ધૃત કરી છે[૫૮]. વળી હરિભદ્રસૂરિએ ઉદ્ધૃત કરેલ અંશો આધારે તેમણે સિદ્ધસેન દિવાકરના **સન્મતિતર્ક** ઉપર ટીકા રચેલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવાથી[૫૯] તેઓ સિદ્ધસેન દિવાકરના ઉત્તરવર્તી છે :

(૩) **દ્વાદશાર-નયચક્ર**માં દિગ્નાગના મતનું ખંડન કરવામાં આવ્યું છે. છેલ્લી શોધોને આધારે પાશ્ચાત્ય વિદ્વાનોએ દિગ્નાગનો સમય ઈ૦ સ૦ ૪૮૦-૫૪૦ના અરસાનો સુનિશ્ચિત કર્યો છે. જાપાની વિદ્વાનો પણ અન્ય રસ્તે અને વિશેષ પ્રમાણો અન્વયે એ જ નિર્ણય પર પહોંચ્યા છે. આથી કહી શકાય કે મલ્લવાદીએ **દ્વાદશાર-નયચક્ર** ઈ૦ સ૦ ની છઠ્ઠી સદીના ઉત્તરાર્ધ પૂર્વે રચ્યું ન હોઈ શકે :

(૪) મલ્લવાદી **દ્વાદશાર-નયચક્ર**ના દશમા નિયમવિધ્યરમાં **આવશ્યક-નિર્યુક્તિ**ની ગાથા ટાંકે છે : યથા :

वत्थूणं संकमणं होति अवत्थूणये समभिरूढ । **(आव० नि० ७५७)**[६०]

આવશ્યક-નિર્યુક્તિની રચના પ્રાય: ઈ૦ સ૦ ૫૨૫ ના અરસામાં થઈ હોવાનું હવે મનાય છે. એટલે દ્વાદશાર-નયચક્રની રચના ત્યાર પછી થયેલ હોવી જોઈએ.

(૫) દ્વાદશાર-નયચક્ર મૂળ પાઠ અંતર્ગત બૃહત્કલ્પનિર્યુક્તિ વા બૃહત્કલ્પભાષ્યની બૃહત્કલ્પની એક ગાથા ઉદ્ધૃત કરવામાં આવી છે:

णिच्छयतो सव्वलहुं सव्वगुरुं वा ण विज्जएदव्वं ।
ववहारतो तु जुज्जति बायरखंधेसु ण इतरेसु ॥

**(बृहत्कल्प० ६५)**[६१]

વર્તમાને ઉપલબ્ધ ભાષ્યમાં નિર્યુક્તિ મળી ગઈ છે. આ ગાથા નિર્યુક્તિની છે કે ભાષ્યની તેનો નિર્ણય થવો ઘટે. મુનિશ્રી જંબૂવિજયજી આ ગાથાને નિર્યુક્તિકાર ભદ્રબાહુની માને છે, જ્યારે મુદ્રિત બૃહત્કલ્પમાં આ ગાથાને ભાષ્યભાથા તરીકે મૂકી છે. વિજયલબ્ધિસૂરિ પણ પ્રસ્તુત ગાથાને ભાષ્ય ગાથા માને છે. ભાષ્યના કર્ત્તા સંઘદાસગણિ છે, જેમનો સમય છઠ્ઠી સદીના મધ્યનો માનવામાં આવે છે. આમ મલ્લવાદીનું દ્વાદશાર-નયચક્ર ઈ૦ સ૦ ૫૫૦ પછીનું હોઈ શકે.

(૬) એક અન્ય મહત્ત્વની વાત એ છે કે મલ્લવાદી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના પ્રસિદ્ધ **વિશેષાવશ્યકભાષ્ય**માંથી કોઈ ઉદ્ધરણ લેતા નથી કે જિનભદ્રગણિક્ષમાશ્રમણની અન્ય કોઈ કૃતિમાંથી પણ ઉદ્ધરણ ટાંકતા નથી. આથી પહેલી દૃષ્ટિએ એમ લાગે કે તેઓ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ(પ્રાય: ઈ૦ સ૦ ૫૫૦ થી ૫૯૪)ની પહેલાં થઈ ગયા હોય; પણ બીજી બાજુ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ પણ મલ્લવાદીનું નામ કે તેમની કૃતિઓ દ્વાદશાર-નયચક્રનો યા સન્મતિવૃત્તિનો — પોતાની જ કોઈ જ કૃતિમાં ઉલ્લેખ કરતા નથી. તેમની **વિ૦ આ૦ ભા૦** પરની અપૂર્ણ સંસ્કૃત સ્વોપજ્ઞ ટીકામાં પણ નહીં : આથી સંભવ તો એવો જણાય છે કે આ બન્ને મહાપુરુષો — મલ્લવાદી ક્ષમાશ્રમણ અને જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ — સમકાલીન છે, અને બન્નેએ એક-બીજાની કૃતિ જોઈ નથી. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનું કાર્યક્ષેત્ર લાટ પંથક હતું અને મલ્લવાદીનું કાર્યક્ષેત્ર વલભી પ્રદેશ રહ્યો હતો.

આમ સમગ્ર દૃષ્ટિએ જોતાં મલ્લવાદી ચોથી શતાબ્દીના પૂર્વાર્ધમાં, એટલે કે ઉમાસ્વાતિના વૃદ્ધ સમકાલીન નહીં પણ ઉમાસ્વાતિ, સિદ્ધસેન દિવાકર, દિગ્નાગ, નિર્યુક્તિકાર, અને બૃહત્કલ્પભાષ્યકાર (સંઘદાસગણિ : ઈ૦ સ૦ ૫૨૫-૫૦) પછી, અને જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના સમકાલીન, એટલે કે ઈસ્વીસનની છઠ્ઠી સદીના ઉત્તરાર્ધના ઠરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટિપ્પણો :-

૧. **अयोगव्यवच्छेद द्वात्रिंशिका, स्याद्वादमंजरी,** અનુ૦ મુનિશ્રી અજિતશેખર વિજયજી, જૈન સંઘ, ગુન્દૂર સંવત્ ૨૦૪૮, પૃ૦ ૩૩૨.

૨. સિદ્ધસેનના સમય અંગે વિસ્તારપૂર્વક ચર્ચા અમારા **શ્રી બૃહદ્નિર્ગ્રન્થ સ્તુતિમણિમંજુષા**ની પ્રસ્તાવનામાં થનાર છે.

૩. ''**श्री मल्लवादिसूरि चरितम्,**'' **प्रभावकचरित,** પુન: સં૦ શ્રી મુક્તિપ્રભવિજય ગણિ, પ્રાચ્ય સાહિત્ય પુન: પ્રકાશન શ્રેણિ ગ્રંથાંક-૨, શ્રી શ્રીપાલનગર જૈન શ્વે૦ મૂ૦ દેરાસર ટ્રસ્ટ, મુંબઈ (સાલ અમુદ્રિત),શ્લોક સં૦ ૬૧-૭૦.

૪. "બૃહદ્ટિપ્પનિકા", **જૈન સાહિત્ય સંશોધક**, પુસ્તક પ્રથમ, અંક ૨, જૈન સાહિત્ય સંશોધક કાર્યાલય, પૂના સંવત્ ૧૯૭૭, પરિશિષ્ટ, પૃ૦ ૧૦.

૫. **सिद्धहेमशब्दानुशासनम्,** સં૦ પં૦દક્ષવિજય ગણિ, શ્રી દક્ષજ્યોત પ્રકાશન ટ્રસ્ટ, અમદાવાદ સં૦ ૨૦૩૫, ૨.૨.૩૯

૬. **द्वादशारं नयचक्रम्,** પ્રથમ ભાગ, સં૦ મુનિ જમ્બૂવિજય, શ્રી આત્માનંદ જૈન ગ્રંથરત્નમાલા નં. ૯૨, શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર ૧૯૬૬, પૃ૦ ૧.

૭. **અનેકાન્તજયપતાકા,** પ્રથમ ભાગ, સં૦ હિરાલાલ કાપડિયા, G.O.S. Oriental Institute, Baroda 1940, પૃ૦ ૫૮, ૧૧૬.

૮. **संमतितर्क-प्रकरणम्,** ભાગ-૪, સં૦ પં૦ સુખલાલ સંઘવી અને પં૦ બેચરદાસ દોશી, પુરાતત્ત્વ મંદિર, પુન: પ્રકાશન શ્રી લાલબાગ મોતિશા ચેરિટી ટ્રસ્ટ, મુંબઈ (સાલ અમુદ્રિત), કાંડ-૨, ગાથા-૧૦, પૃ૦ ૬૦૮

૯. **प्रमालक्षणम्,** સંપાદક આદિનો ઉલ્લેખ નથી. લા૦ દ૦ વિદ્યામંદિરના પુસ્તકાલયમાં ક્રમાંક ૧૫૮૯૦, પૃ૦ ૮૯.

૧૦. **उत्तराध्ययनानि, प्रथम भाग, श्री शान्त्याचार्य विहित शिष्यहिताख्यवृत्तियुक्त,** સં૦ નો ઉલ્લેખ નથી, આગમ પ્રકાશનમાળા-૭, શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ, મુંબઈ સંવત્ ૨૦૪૬, પૃ૦ ૬૮.

૧૧. **न्यायावतारवार्त्तिकवृत्ति,** સં૦ પં૦ શ્રી દલસુખ માલવણિયા, સિંધી જૈન ગ્રંથમાળા ગ્રંથાક-૨૦, ભારતીય વિદ્યાભવન, મુંબઈ ૧૯૪૯, પૃ૦ ૧૦૮, ૧૨૫.

૧૨. **श्री अनुयोगद्वार सूत्रम्, श्री मल्लधारीहेमचंन्द्रसूरि रचित वृत्ति युक्तम्,** સં૦ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. શ્રી જિનાગમ પ્રકાશન માલા-૩, શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ, મુંબઈ વિ૦ સં૦ ૨૦૪૫, પૃ૦ ૨૪૭.

૧૩. ઉત્પાદાદિસિદ્ધિ, સંપાદકનો ઉલ્લેખ નથી, શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ, મુંબઈ સંવત્ ૨૦૪૫, પૃ૦ ૨૨૨.

૧૪. **ધર્મસંગ્રહણિ** ભાગ-૨, અનુ૦ અજિતશેખર વિજય, શ્રી આદિનાથ જૈન શ્વેતામ્બર મંદિર ટ્રસ્ટ, બેંગલોર સંવત્ ૨૦૫૨, પૃ૦ ७७.

૧૫. **દ્વાદશારં નયચક્રમ્,** ભાગ-૩, સં૦ મુનિશ્રી જંબૂવિજયજી, શ્રી આત્માનંદ જૈન ગ્રન્થરત્નમાળા ગ્રંથાંક-૯૫, શ્રી જૈન આત્માનંદ, ભાવનગર ૧૯૮૮, પૃ૦ ૯૦૪-૯૦૬.

૧૬. **આખ્યાનકમણિકોશ વૃત્તિ,** સં૦ મુનિ પુણ્યવિજય, પ્રાકૃત ગ્રન્થ પરિષદ, વારાણસી ૧૯૬૨, પૃ૦ ૧૭૨-૭૪.

૧૭. **અજ્ઞાતકર્તૃકપ્રબન્ધચતુષ્ટય,** સં૦ રમણીક મ૦ શાહ, કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય નવમ જન્મ શતાબ્દી સ્મૃતિસંસ્કાર - શિક્ષણ નિધિ, અમદાવાદ ૧૯૯૪, પૃ૦ ૩૨-૩૭.

૧૮. **પ્રભાવકચરિત્ર અને પ્રબંધકોશ,** પુન: સં૦ શ્રી મુક્તિપ્રભવિજય ગણિ, પ્રાચ્ય સાહિત્ય પુન: પ્રકાશન શ્રેણિ ગ્રંથાંક-૨, શ્રી શ્રીપાલનગર જૈન શ્વે૦ મૂ૦ દેરાસર ટ્રસ્ટ, મુંબઈ (પ્રકાશન વર્ષ અમુદ્રિત), પૃ૦ ૭૭-૭૯.

૧૯. **પ્રબંધચિંતામણિ,** ભાગ-૧, સં૦ જિનવિજય મુનિ, સિંધી જૈન જ્ઞાનપીઠ, શાન્તિનિકેતન ૧૯૩૩, પૃ૦ ૧૦૭.

૨૦. **પ્રબંધકોશ,** ભાગ-૧, સં૦ જિનવિજય, સિંધી જૈન જ્ઞાનપીઠ, શાંતિનિકેતન ૧૯૩૫, પૃ૦ ૨૧-૨૩.

૨૧. પ્રસ્તાવના, **द्वादशारं नयचक्रम्,** પ્રથમ ભાગ, સં૦ પં૦ લાલચંદ ભગવાનદાસ, G.O.S. Vol.116, Oriental Institute, Baroda 1952, pp. 11-17.

૨૨. **प्रभावकचरित,** પૃ૦ ૭૯, શ્લો૦ ૭૨, ૭૩.

૨૩. **द्वादशारं नयचक्रम्,** સં૦ જંબૂવિજયજી. (જુઓ એના ત્રણે ભાગો, જેની વિગતો ઉપરની નોંધોમાં આવી ગઈ છે.)

૨૪. **द्वादशारं नयचक्रम्,** ભા૦ ૧-૪, સં૦ આચાર્યશ્રી વિજયલબ્ધિ સૂરીશ્વર, શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રન્થમાળા, છાણી ૧૯૬૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૫. **द्वादशारं नयचक्रम्**, ભા૦ ૧-૩, સં૦ મુનિ શ્રી જંબૂવિજયજી, શ્રી આત્માનંદ જૈન ગ્રન્થ રત્નમાલા - ૯૨, ૯૩, ૯૫, શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર ૧૯૬૬, ૧૯૭૭, ૧૯૮૮.

૨૬. **અનેકાન્ત જયપતાકા**, ભા૦ ૧, સં૦ એચ૦ આર૦ કાપડિયા, G.O.S., Oriental Institute, Baroda 1940, pp. 58-116.

૨૭. "બૃહટ્ટિપ્પનિકા," **જૈન સાહિત્ય સંશોધક**, પુસ્તક પ્રથમ, અંક ૨, જૈન સાહિત્ય સંશોધક કાર્યાલય, પૂના, સંવત-૧૯૭૭, પરિશિષ્ટ, પૃ૦ ૧૦.

૨૮. **સંમતિતર્કપ્રકરણમ્**, ભા૦ ૪, સં૦ પં૦ સુખલાલ સંઘવી અને પં૦ બેચરદાસ દોશી, પુરાતત્ત્વ મંદિર, પુનઃ પ્રકાશન શ્રી લાલબાગ મોતિશા ચેરીટી ટ્રસ્ટ, મુંબઈ (પ્રકાશન વર્ષ અમુદ્રિત), કાંડ-૨, ગાથા-૧૦, પૃ૦ ૬૦૮.

૨૯. **પ્રભાવકચરિત**, પ્રથમ ભાગ, સં૦ જિનવિજય મુનિ, સિંઘી જૈન ગ્રંથમાળા, અમદાવાદ-કલકત્તા ૧૯૪૦, શ્લોક ૩૭, પૃ૦ ૭૮.

૩૦. મુનિશ્રી કલ્યાણવિજયજી, "પ્રબન્ધ પર્યાલોચન," **શ્રી પ્રભાવકચરિત્ર**, ગુજરાતી અનુવાદ, શ્રી જૈન આત્માનંદ ગ્રંથમાળા-૬૩, શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર સં૦ ૧૯૮૭, પૃ૦ ૫૬.

૩૧. એજન. પૃ૦ ૫૬-૫૭.

૩૨. મુનિશ્રી દર્શનવિજય, જ્ઞાનવિજય, ન્યાયવિજય (ત્રિપુટી), **જૈનપરંપરાનો ઇતિહાસ**, ભા૦ ૧, શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાલા, ગ્રં૦ ૫૧, અમદાવાદ ૧૯૫૨, પૃ૦ ૩૮૦, ૫૬૭.

૩૩. મોહનલાલ દલીચંદ દેસાઈ, **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ**, શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સ ઑફિસ, મુંબઈ ૧૯૩૩, પૃ૦ ૧૩૬.

૩૪. "प्रस्तावना", **धर्मोत्तर प्रदीप**, सं० दलसुख मालवणिया, के० पी० जायस्वाल रिसर्च इन्स्टिट्यूट, पटना १९७१.

૩૫. એજન.

૩૬. ત્રિપુટી મહારાજ, **જૈન પરંપરાનો ઇતિહાસ**, ભા૦ ૧, શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાલા નં૦ ૫૧, અમદાવાદ ૧૯૫૨, પૃ૦ ૩૮૦.

૩૭. એજન. પૃ૦ ૩૭૯.

૩૮. **પ્રભાવકચરિત**, ભા૦ ૧, સં૦ મુનિ જિનવિજય, સિંઘી જૈન ગ્રંથમાલા, અમદાવાદ-કલકત્તા ૧૯૪૦, પૃ૦ ૧૬૬.

૩૯. ત્રિપુટી મહારાજ, **જૈન પરંપરાનો૦**, ભા૦ ૧, પૃ૦ ૩૭૯.

૪૦. નાથૂરામ પ્રેમી, "देवसेन का नयचक्र", **जैन साहित्य और इतिहास संशोधित साहित्यमाला**, ग्रंथ १, जैन ग्रंथ रत्नाकर (प्राइवेट) लिमिटेड, बम्बई १९५६, पृ० १६८-१६९.

૪૧. પં૦ દલસુખ માલવણિયા, "आचार्य मल्लवादी का नयचक्र", **श्रीमद् राजेन्द्रसूरि स्मारक ग्रंथ**, श्री सौधर्मबृहत्तपागच्छीय जैन श्वेताम्बर संघ, आहोर-बागरा १९५७, पृ० २०९-२१०.

૪૨. એજન. પૃ૦ ૨૧૦.

૪૩. **संमतितर्क-प्रकरणम्**, ભા૦ ૪. સં૦ પં૦ સુખલાલ સંઘવી અને પં૦ બેચરદાસ દોશી, પુનઃ પ્રકાશન શ્રી લાલબાગ મોતિશા ચેરીટી ટ્રસ્ટ, મુંબઈ (પ્રકાશન વર્ષ અમુદ્રિત), કાંડ-૨, ગાથા-૧૦, પૃ૦ ૬૦૮.

૪૪. "પ્રસ્તાવના", જ્ઞાનબિન્દુ, સં૦ જયસુંદર વિજય, અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઈ, વિ૦ સં૦ ૨૦૪૩, પૃ૦ ૬૧.

૪૫. એજન, પૃ૦ ૬૧.

૪૬. जुगल किशोर मुख्तार, **जैन साहित्य और इतिहास पर विशद प्रकाश**, श्री वीर शासन संघ, कलकत्ता १९५५, पृ० ५५०.

૪૭. એજન, પૃ૦ ૫૫૧.

૪૮. એજન, પૃ૦ ૫૫૩.

૪૯. પ્રસ્તાવના, **द्वादशारं नयचक्रम्, प्रथम भाग**, સં૦ મુનિશ્રી જંબૂવિજયજી, શ્રી આત્માનંદ જૈન ગ્રન્થરત્નમાલા, નં૦ ૯૨, શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર ૧૯૬૬, પૃ૦ ૪૯.

૫૦. એજન, પૃ૦ ૫૦, ૬૧.

૫૧. એજન, પૃ૦ ૫૦.

૫૨. પં૦ દલસુખ માલવણિયા, "आचार्य मल्लवादी का०", पृ० २१०.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૩. "પ્રસ્તાવના", **द्वादशारं नयचक्रं, भा० १**, મુનિ શ્રી જંબૂવિજયજી, પૃ૦ ૪૯.

૫૪. મુનિ શ્રી જમ્બૂવિજયજી, "જૈનાચાર્યશ્રી મલ્લવાદી અને ભર્તૃહરિનો સમય," બુદ્ધિપ્રકાશ (ત્રૈમાસિક) પુ૦ ૯૮, અંક ૧૧, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ ૧૯૫૧, પૃ૦ ૩૩૨.

૫૫. **अनेकान्त जयपताका, भाग-१**, સં૦ હિરાલાલ કાપડિયા, પૃ૦ ૫૮, ૧૧૬.

૫૬. અપ્રકાશિત લેખ અને મૌખિક ચર્ચાને આધારે.

૫૭. **द्वादशारं नयचक्रं**, પૃ૦ ૫૯૬.

૫૮. એજન, પૃ૦ ૩૫.

૫૯. જુઓ પાદટીપ નં૦ ૫૫.

૬૦. **द्वादशारं नयचक्रं**, પૃ૦ ૭૮૯.

૬૧. એજન, પૃ૦ ૩૦૧.

૬૨. **बृहत्कल्पसूत्रम्**, સં૦ મુનિશ્રી ચતુરવિજય તથા પુણ્યવિજયજી, શ્રી આત્માનંદ જૈન ગ્રન્થ રત્નમાલા ૮૨, શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર ૧૯૩૩, પૃ૦ ૨૨.

૬૩. "પ્રસ્તાવના", **द्वादशारनयचक्रम्-४**, સં૦ આચાર્ય વિજયલબ્ધિસૂરિ, લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રન્થમાલા-૪૪, છાણી ૧૯૬૦, પૃ૦ ૩૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org